ISPG-27

Izdawaji Taalluqat

# પતિ-પત્નીના મીઠા સંબંધો

## (કુર્આન અને હદીસના પ્રકાશમાં)

: લેખક :

મૌલાના મુહમ્મદ જર્જિસ કરીમી

: અનુવાદક :

ખ્વાજા મોઈનુદ્દીન. એમ (ખ્વાજા અહમદ)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# પતિ-પત્નીના મીઠા સંબંધો

## (કુર્આન અને હદીસના પ્રકાશમાં)

અલ્લાહતઆલાએ પોતે પેદા કરેલ બધી જ સજીવ વસ્તુઓને સજોડે પેદા કરી છે અને તેમની વચ્ચે જાતીય આકર્ષણની ભાવના રાખેલ છે. આથી તેમની વચ્ચે જાતીય સંબંધ બંધાય છે. આના કારણે તેમનું વંશ જળવાય છે. મનુષ્ય સિવાય બીજા બધા પ્રાણીઓમાં જાતીય સંબંધ તેમની વચ્ચેના કોઈ દૃઢ કે સ્થિર સંબંધ વિના જ પરિણમે છે. આ સંબંધો પાયા વિહીન હોય છે. આનું મુખ્ય કારણ એ છે કે મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. જ્યારે બીજા પ્રાણીઓ સામાજિક પ્રાણીઓ નથી. સામાજિક પ્રાણી હોવાનો અર્થ એ છે કે મનુષ્ય ઘર, કુટુંબ અને સમાજના બંધારણમાં રહે છે. જ્યારે બીજા સ્વતંત્ર છે. અને મનુષ્ય ઘણાં બધા સામાજિક નિયમો, રિવાજો અને કાનૂની જાપ્તાના બંધનોને આધીન છે. તેથી મનુષ્યના જાતીય સંબંધ સામાજિક અને સમાજના નિયમો તેમજ કાનૂની જાપ્તાના બંધનને આધીન છે. આ કારણસર બધા જ માનવ સમાજમાં લગ્ન પ્રથાનો રિવાજ છે. ઈસ્લામ મનુષ્યના બધા જ વ્યવહારોમાં હિદાયત-ઉપદેશ આપે છે. આ બાબતમાં પણ તેની તાલીમ-શિક્ષણ ખૂબ જ સ્પષ્ટ અને વિસ્તૃત છે.

સ્ત્રી-પુરૂષ વચ્ચે જેટલું જાતીય આકર્ષણ જોવા મળે છે એની સરખામણીમાં સંબંધો પોતાની રીતે જ મજબૂત અને રોચક હોવા જોઈએ; પરંતુ અફસોસની વાત એ છે કે કેટલાક માનસિક, આર્થિક અને સામાજિક કારણોસર વર્તમાન યુગમાં બધા જ માનવ-સમાજોમાં દાંપત્ય સંબંધોમાં અનિચ્છા અરૂચિ, કડવાશ અને તિરાડો જોવા મળે છે. એટલે સુધી કે સંબંધોની આ કડવાશ સ્ત્રીઓની હત્યા અને અત્યાચારનું કારણ બની રહે છે. અથવા છૂટાછેડા (તલ્લાક)ના બનાવો મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. કુટુંબો વેર-વિખેર થઈ રહ્યાં છે જેથી માનવ સમાજ ચિંતાતૂર અને વ્યાકૂળ બની રહ્યું છે. આ પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને આ બાબતે ઈસ્લામી તાલીમનું અધ્યયન અનિવાર્ય બને છે. જાણવું જોઈએ કે ઈસ્લામમાં પતિ-પત્નીના મધુર-મીઠા સંબંધો વિશે કયા નિયમો અને જાપ્તા બતાવવામાં આવ્યા

છે. નીચે જણાવ્યા પ્રમાણે આ વિશે ઈસ્લામી દૃષ્ટિકોણ રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

## ઇસ્લામમાં ઇન્દ્રિય નિગ્રહ (સંસાર ત્યાગ) નથી

ઈસ્લામે જેટલું વ્યવસ્થિત અને ભારપૂર્વક નિકાહ (લગ્ન) માટે જે પ્રોત્સાહન યુવાન પુરૂષો અને સ્ત્રીઓને આપ્યું છે અને દાંપત્ય જીવન સાથે જોડાવાનો જે ઉત્સાહ વધાર્યો છે એનાથી ઈસ્લામી તાલીમ શિક્ષણની આ ખાસિયત સામે આવે છે કે ઈસ્લામ સમક્ષ જાતીય સંબંધો એ ધિક્કારપાત્ર નથી, એની અવગણના વાજબી નથી. પરંતુ ઈચ્છનીય અને પ્રશંસાપાત્ર છે. વાસ્તવિકતા આ છે કે ઈસ્લામે મનુષ્યની અંદર રહેલી કોઈ પણ પ્રાકૃતિક ઈચ્છા કે ખ્વાહિશને નકારી નથી. અને એને કામમાં લાવવા માટે સંપૂર્ણ પરવાનગી આપી છે. આવી જ ઈચ્છાઓમાં જાતીય સંબંધની ઈચ્છા પણ છે. અલ્લાહતઆલાએ સ્ત્રી-પુરૂષને પેદા કર્યા છે, અને તેમની વચ્ચે એક જબરદસ્ત શારીરિક આકર્ષણ રાખ્યું છે. એનો પ્રથમ હેતુ સમજી શકાય છે કે તેઓ હળી-મળીને રહે અને બ્રહ્મચર્યનું જીવન અખત્યાર ન કરે એ છે.. ઈસ્લામમાં જાતીય ઈચ્છાને પૂર્ણ કરવાની મનાઈ નથી. બલ્કે એના માટે ઉત્સાહ અને પ્રોત્સાહન આપ્યું છે. અને નિકાહ કરવાનો હુકમ આપ્યો છે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ وَ اِمَآئِكُمْ

(النور:۳۲)

"તમારામાંથી જેઓ એકાકી જીવન પસાર કરી રહ્યા છે અને તમારી દાસીઓ અને ગુલામોમાંથી જે નેક હોય, તેમના નિકાહ કરી દો." (સૂરઃ અન્નૂર - ૩૨)

ઈસ્લામી શરીઅતે નિકાહ પર એટલો તો ભાર મૂકયો છે કે જો તેના માટે સ્વતંત્ર પુરૂષ સ્વતંત્ર સ્ત્રી સાથે નિકાહનું સામર્થ્ય ન હોય તો ગુલામ પુરૂષ અને દાસી સ્ત્રી સાથે નિકાહ કરી લેવું એ એકાકી જીવન વિતાવવા કરતાં વધારે સારૂં છે. અલ્લાહતઆલા ફરમાવે છે :

وَمَنْ لَّمْ يَسْتَطِعْ مِنْكُمْ طَوْلًا اَنْ يَّنْكِحَ الْمُحْصَنٰتِ الْمُؤْمِنٰتِ
فَمِنْ مَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ فَتَيٰتِكُمُ الْمُؤْمِنٰتِ (النساء:۲۵)

"અને તમારામાંથી જો કોઈ વ્યક્તિ એટલી કુદરત ન ધરાવતી હોય કે ખાનદાની મુસ્લિમ સ્ત્રીઓ (મુહ્સિનાત) સાથે નિકાહ કરી શકે તો તેણે તમારી એ દાસીઓમાંથી કોઈની સાથે નિકાહ કરી લેવા જોઈએ કે જે તમારા કબજા હેઠળ છે, અને મો'મિન (ઈમાનવાળી) હોય." (સૂર: નિસા - ૨૫)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે પોતાના વિવિધ ઈર્શાદોમાં નિકાહ માટે પ્રોત્સાહન આપ્યું છે. એક હદીસમાં ઈર્શાદ છે :

عن عبد الله بن مسعود قال قال رسول اللهؐ يا معشر
الشباب من استطاع منكم الباءة فليتزوج فانه اغض
للبصر واحصن للفرج و من لم يستطع فعليه بالصوم فانه
له وجاء. (بخاری:۱۹۰۵-۵۰۶۰-۵۰۶۶)

"હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિ.થી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું : હે નવયુવાનોનો સમૂહ ! તમારામાંથી જે પત્નીના ભરણ-પોષણની તાકાત ધરાવતો હોય તો એને લગ્ન કરી લેવા જોઈએ. કારણ કે આ આંખોને નીચે કરનારી અને ગુપ્તાંગોની સુરક્ષા કરનાર છે. અને જે શક્તિ ન ધરાવતો હોય તો તે રોઝા રાખે, એ તેના માટે ઢાલ બનશે." (બુખારી : ૧૯૦૫, ૫૦૬૦, ૫૦૬૬)

એક બીજી રિવાયતમાં જો મનુષ્ય પોતાના પુત્રના લગ્નમાં વિલંબ કરે તો એના સંભવિત નુકસાન અને પરિણામથી આવી રીતે જાણ કરવામાં આવી છે:

قال رسول الله ﷺ من ولد له ولد فليحسن اسمه وادبه
فاذا بلغ فليزوجه فان بلغ ولم يزوجه فاصاب اثما فانما
اثمه على ابيه. (مشکوۃ المصابیح کتاب النکاح بحوالہ شعب الایمان)

"નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું : જેને ત્યાં બાળકનો જન્મ થયો, તેણે તેનું સારૂં નામ રાખ્યું, તેને (ઉત્તમ) શિસ્તની શિખામણ આપી અને જયારે એ યુવાન થઈ જાય તો એના લગ્ન કરી દે. જો યુવાન થયા પછી લગ્ન કરવામાં ન આવે અને એના દ્વારા કોઈ પાપ થઈ જાય તો એનો વબાલ એના પિતાના શિરે રહેશે." (મિશ્કાતુલ મસાબીહ, કિતાબુન્ નિકાહ, શોઅ્બુલ ઈમાન)

## લગ્ન (નિકાહ) મજબૂત દાંપત્ય સંબંધોનો મુખ્ય આધાર

ઈસ્લામમાં સ્ત્રી-પુરૂષની વચ્ચે જાતીય અને પતિ-પત્નીના સંબંધોનો મુખ્ય આધાર લગ્ન છે. નિકાહ (લગ્ન) વિના તેઓની વચ્ચે જાતીય સંબંધોની જરીક પણ ગુંજાશ નથી. ઈસ્લામે નિકાહના નિશ્ચિત નિયમો અને કાનૂન બતાવ્યા છે. એ નિયમોના પાલન સાથે જ નિકાહ સાચો ગણાશે, બીજી સ્થિતિમાં એ વ્યભિચાર ગણાશે. ઈસ્લામમાં વ્યભિચાર હરામ (વર્જિત) છે, પછી ભલેને ગમે તેટલી સારી ભાવના સાથે કરવામાં આવ્યો હોય. ઈસ્લામી તાલીમ-શિક્ષણથી એની અનુભૂતિ થાય છે કે પુરૂષ અને સ્ત્રી વચ્ચે પ્રેમ સંબંધ સ્થાપિત થવાનો સાચો અને સારો માર્ગ નિકાહ જ છે. બીજા રીત-રિવાજો અને અન્ય માર્ગો પાયા વિહીન અને અસ્થિર છે. એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છે:

لم تر للمتحابين مثل النكاح. (ابن ماجہ:١٨٤٧)

"લગ્ન સંબંધથી જોડાયેલા યુગલની જેમ કોઈને પ્રેમ કરનારા જોવામાં આવ્યા નથી." (ઈબ્ને માજહ : ૧૮૪૭)

ઈસ્લામમાં નિકાહ ખુલ્લે આમ કે એલાન સાથે કરવાના આદેશ આપવામાં આવ્યા છે. અને ગુપ્ત રીતે નિકાહ કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. એનું આ જ કારણ છે કે નિકાહમાં સ્થિરતા અને ટકાઉપણું હોય. કારણ કે જે વસ્તુ ગુપ્ત રીતે અમલમાં આવે છે તે એ જ રીતે સમાપ્ત પણ થઈ જાય છે. જ્યારે ઈસ્લામનો હેતુ એ છે કે પતિ-પત્નીના સંબંધો સ્થિર રહે, બાકી રહે અને મજબૂત બને. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

وَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيمَا عَرَّضْتُم بِهِ مِنْ خِطْبَةِ النِّسَاءِ أَوْ
أَكْنَنتُمْ فِي أَنفُسِكُمْ ۚ عَلِمَ اللَّهُ أَنَّكُمْ سَتَذْكُرُونَهُنَّ وَلَٰكِن
لَّا تُوَاعِدُوهُنَّ سِرًّا إِلَّا أَن تَقُولُوا قَوْلًا مَّعْرُوفًا ۚ وَلَا تَعْزِمُوا
عُقْدَةَ النِّكَاحِ حَتَّىٰ يَبْلُغَ الْكِتَابُ أَجَلَهُ ۚ (البقرة:٢٣٥)

"ઇદ્દતના સમયમાં ભલે તમે એ વિધવા સ્ત્રીઓ સાથે વિવાહ કરવાનો ઈરાદો ઈશારાથી જાહેર કરો, અથવા હૃદયમાં છૂપો રાખો, બન્ને પરિસ્થિતિમાં કોઈ વાંધો નથી. અલ્લાહ જાણે છે કે તમારા હૃદયમાં તેમનો વિચાર આવવાનો જ છે. પણ જુઓ છૂપો રીતે વાયદા કે પ્રતિજ્ઞા કરશો નહીં. જો કોઈ વાત કરવી હોય

તો પ્રચલિત કે જાણીતી રીતે કરો. અને નિકાહ કરવાનો ફેસલો ત્યાં સુધી ન કરો કે જ્યાં સુધી ઈદ્દત પૂરી ન થાય." (સૂરઃ બકરહ - ૨૩૫)

એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે નિકાહને જાહેરમાં એલાન સાથે કરવાનો નિર્દેશ આપ્યો છે:

اعلنوا هذا النكاح واجعلوه في المساجد واضربوا عليه
بالدفوف۔ (ترمذی:۱۰۸۹)

"લગ્નનું એલાન કરો અને એ (નિકાહ) મસ્જિદોમાં કરો અને એ સમયે દફ (ડફલી) બજાવો." (તિર્મિઝી : ૧૦૮૯)

ઈસ્લામી શિક્ષણમાં યુગલોના સંબંધોની સ્થિરતા ઈચ્છનીય હોવાની એક દલીલ આ છે કે લગ્ન પહેલાં મંગેતરને એક નજર જોઈ લેવાની છૂટ આપવામાં આવી છે. આમાં એ બોધ રહેલું છે કે આ રીતે બન્ને વચ્ચે પ્રેમ અને સ્નેહ બાકી રહે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છે :

عن المغيرة بن شعبة انه خطب امرأة فقال النبي ﷺ
انظر اليها فانه احرى ان يودم بينكما۔ (ترمذی:۱۰۸۷)

"હઝરત મુગીરહ બિન શો'બા રદિ.થી રિવાયત છે. ફરમાવે છે કે તેમણે એક સ્ત્રીને નિકાહનો પૈગામ મોકલ્યો તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે એને જોઈ લો, જેથી તમારી બન્ને વચ્ચે મીઠા સંબંધો બાકી રહેશે." (તિર્મિઝી : ૧૦૮૭)

ઈસ્લામમાં નિકાહ (લગ્ન)ને પતિ-પત્નીના સંબંધો માટે મૂળ માધ્યમ લેખવામાં આવ્યો છે. માટે જ ઈસ્લામે નિકાહને પ્રોત્સાહન આપ્યું છે, અને વગર કારણે લગ્નને ટાળવાને ધરતી પર ઝઘડા-ફસાદનું કારણ ઠેરવ્યું છે. એક હદીસમાં ઈર્શાદ છે :

اذا خطب إليكم من ترضون دينه و خلقه فزوجوه ان لا
تفعلوه تكن فتنة في الارض و فساد عريض۔ (ترمذی:۱۰۸۴)

"જ્યારે તમને કોઈ એવી વ્યક્તિ લગ્નનો પૈગામ મોકલે કે જેનો દીન-ધર્મ અને આચાર સંતોષકારક છે તો એને કબૂલ કરી લો. બીજી પરિસ્થિતિમાં ધરતી પર ઝઘડો-ફસાદ ફેલાઈ જવાનો ડર છે." (તિર્મિઝી - ૧૦૮૪)

ઈસ્લામી તાલીમ-શિક્ષણમાં નિકાહને સહેલો બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે એ નિકાહ વધારે બરકતવંતો છે જે ખર્ચની દૃષ્ટિએ સરળ હોય (અર્થાત્ જેમાં ખર્ચ ઓછું કરવામાં આવે) કે જેથી લોકો એનું અનુકરણ કરીને વર્જિત (હરામ) સાધનોથી બચી શકે.

## નિકાહનો હેતુ જાતીય સુખ

મનુષ્યમાં જાતીય આવેગ એટલી પ્રબળતા સાથે મોજૂદ રહે છે કે જો યોગ્ય (જાઈઝ) રીતે એને સંતોષવાનું સાધન સંચિત નહીં કરવામાં આવે તો તે વ્યભિચારનો શિકાર બની શકે છે, અને ધરતી ઉપર ઝઘડો-ફસાદ ફેલાઈ જશે. ઈસ્લામી શરીઅત (કાનૂન)માં માણસના જાતીય આવેગને સંતોષવાનું માધ્યમ નિકાહ (લગ્ન)ને ઠેરવવામાં આવ્યો છે.

કુર્આનમાં સ્ત્રી-પુરૂષના સંબંધોને કૃપા અને મૈત્રી ભાવ સાથે સરખાવવામાં આવ્યા છે. અને એકને બીજા માટે સંતોષ મેળવવાનું માધ્યમ ઠેરવવામાં આવ્યું છે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ خَلَقَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا لِّتَسْكُنُوْٓا اِلَيْهَا
وَجَعَلَ بَيْنَكُمْ مَّوَدَّةً وَّرَحْمَةً ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ
يَّتَفَكَّرُوْنَ ۝ (الروم:٢١)

"અને એની નિશાનીઓમાંથી આ (એક નિશાની) છે કે તેણે તમારા માટે તમારા જ વર્ગમાંથી પત્નીઓ બનાવી જેથી તમે એમની પાસેથી સંતોષ પ્રાપ્ત કરો અને તમારી વચ્ચે પ્રેમ અને કૃપા પેદા કરી દીધી. નિઃસંદેહ આમાં ઘણી બધી નિશાનીઓ છે એ લોકો માટે કે જેઓ ચિંતન-મનન કરે છે." (સૂરઃ રૂમ - ૨૧)

સ્ત્રી-પુરૂષ વચ્ચે પ્રબળ દાંપત્ય સંબંધો મૈત્રી-ભાવ અને કૃપા વગર રહી શકે નહીં. અને એના માટે જાતીય સંતોષ અનિવાર્ય છે. ઈસ્લામી શરીઅત (કાનૂન)એ આ સંબંધમાં કોઈ પ્રતિબંધ મૂકયો નથી. પતિ-પત્નીને પૂરેપૂરી સ્વતંત્રતા આપી છે કે ગમે ત્યારે અને ઈચ્છા પ્રમાણે પોતાનું જાતીય સુખ પ્રાપ્ત કરી શકે છે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

نِسَآؤُكُمْ حَرْثٌ لَّكُمْ ۪ فَاْتُوْا حَرْثَكُمْ اَنّٰى شِئْتُمْ (البقرة:٢٢٣)

"તમારી સ્ત્રીઓ તમારી ખેતી છે. તમને સત્તા છે કે જે રીતે ઈચ્છો એ રીતે

પોતાની ખેતીમાં જાવ." (સૂરઃ બકરહ - ૨૨૩)

ઇસ્લામી શરીઅતમાં પતિ-પત્નીને એકબીજા સાથે જાતીય સુખ મેળવવા માટે એટલી સ્વતંત્રતા છે કે માસિકના દિવસો અને સૃષ્ટિ વિરુદ્ધનો માર્ગ ત્યાગી તેઓ કોઈ સ્થાન કે ઋતુની કેદ વિના દરેક સમયે જાતીય સુખ પ્રાપ્ત કરી શકે છે. એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે એવી સ્ત્રી પર વઈદ (સજાનો વાયદો) ફરમાવ્યો છે કે જેને તેનો પતિ સમાગમ માટે બોલાવે અને તે નારાજીના કારણે સમાગમની મનાઈ કરી દે. ઇર્શાદ છે :

اذا دعا الرجل امرأته الی فراشه فابت ان تجئ لعنتها

الملائكة حتى تصبح۔ (بخاری: ۳۲۳۷-۵۱۹۳)

"જ્યારે માણસ પોતાની પત્નીને સમાગમ માટે બોલાવે અને તે સમાગમની મનાઈ કરી દે તો તેના પર ફરિશ્તાઓ લાનત મોકલે છે, એટલે સુધી કે સવાર પડી જાય છે." (બુખારી : ૩૨૩૭ - ૫૧૯૩)

એક બીજી હદીસમાં કહેવામાં આવ્યું છે કે જો પતિ પત્નીને સમાગમ માટે બોલાવે તો તે આવી જાય, ભલે તે એ સમયે તંદૂરમાં રોટલીઓ રાંધતી હોય અને ભલેને રોટલીઓ બળી જાય. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઇર્શાદ છે :

عن طلق بن علی قال قال رسول الله ﷺ اذا الرجل دعا

زوجته لحاجته فلتاته و ان كانت على التنور۔

(مشکوٰۃ المصابیح کتاب النکاح باب عشرۃ النساء)

"હઝરત તલક બિન અલી રદિ. રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું : જ્યારે માણસ પોતાની પત્નીને સમાગમ માટે બોલાવે તો આવી જવું જોઈએ, ભલે એ સમયે એ ચૂલામાં હોય."(રાંધવાનું કામ કરતી હોય) (મિશ્કાતુલ મસાબીહ, કિતાબુન્ નિકાહ - બાબ ઈશ્રતુન્નિસા)

દંપતિના જાતીય સુખને ઇસ્લામી શરીઅતે એટલું મહત્ત્વ આપ્યું છે કે આ બાબતે કેટલીક નફ્લ ઇબાદતોમાં ઘટાડો માન્ય રાખવામાં આવ્યો છે. દા.ત. સામાન્ય દિવસોમાં નફ્લી રોઝા પોતાના પતિની મંજૂરી વગર ન રાખે. એક હદીસમાં ઇર્શાદ છે:

لا تصوم المرأة و بعلها شاهد الا باذنه۔ (بخاری:۵۱۹۲-۲۰۶۶)

"કોઈ સ્ત્રી પોતાના પતિની હાજરીમાં રોઝા (નફ્લ) ન રાખે પરંતુ એની પરવાનગી થી." (બુખારી : ૨૦૬૬, ૫૧૯૨)

આ બાબતમાં એક ઘટના રિવાયતોમાં નોંધવામાં આવી છે. એક સ્ત્રીએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને પોતાના પતિ વિશે ફરિયાદ કરી કે હું નમાઝ પઢું છું તો એ મને મારે છે. અને રોઝો રાખું છું તો એ રોઝો ઇફતાર કરાવી દે છે. આ બાબતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે એ સહાબી રદિ.થી એ પરિસ્થિતિની સાચી હકીકત જણાવવાનં કહ્યં તો તેમણે અરજ કરી:

و اما قولها يفطرنى اذا صمت فانها تنطلق تصوم و انا
رجل شاب فلا اصبر فقال رسول الله ﷺ لا تصوم
امرأة الا باذن زوجها۔ (ابوداؤد:۲۴۵۹)

"અને મારી પત્નીનું આ કહેવું કે જ્યારે એ રોઝા રાખે છે ત્યારે હું રોઝો તોડાવી દઉં છું, તો ખરેખર એ રોઝા રાખ્યા જ કરે છે, જો કે હું યુવાન માણસ છું અને હું લગાતાર ધીરજ રાખી શકું એમ નથી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે પત્ની પોતાના પતિની પરવાનગી વગર રોઝા ન રાખે." (અબૂ દાઊદ - ૨૪૫૯)

માણસ સમગ્ર જીવન દરમ્યાન જુદા જુદા સંજોગોમાંથી પસાર થાય છે. કોઈક ક્ષણે જો તેનો સામનો કોઈ સુંદર અને રૂપાળી સ્ત્રી સાથે થઈ જાય અને તેની જાતીય ભાવનાઓ (કામેચ્છા) ઉદ્વેલિત થઈ જાય તો એવી સ્થિતિમાં તેને સંતોષવાનો માર્ગ આ છે કે તે પોતાની પત્નીથી પોતાની હાજત પૂરી કરી લે. આ અંગે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો નમૂનો મૌજૂદ છે. રિવાયત છે :

عن ابن مسعود قال راى رسول الله امرأة فاعجبتهٗ فاتى
سودة و هى تصنع طيبا و عندها نساء فاخلينه فقضى
حاجته ثم قال ايما رجل راى امرأة تعجبه فليقم الى اهله
فان معها مثل الذى معها۔

(مشکوۃ المصابیح کتاب النکاح باب النظر الی المخطوبۃ بحوالہ الدارمی)

"હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ રદિ.થી રિવાયત છે. ફરમાવે છે કે એક વખત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે એક સ્ત્રીને જોઈ જે આપને સારી લાગી. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એ જ સમયે પોતાની પવિત્ર પત્ની હઝરત સૌદહ રદિ. પાસે તશરીફ લાવ્યા. તેઓ એ સમયે સુગંધ-સાધન (ખુશ્બૂવાળી વસ્તુઓ) તૈયાર કરી રહ્યા હતા. અને તેમની પાસે બીજી સ્ત્રીઓ બેસેલી હતી. આપે એકાંત મેળવ્યું અને પોતાની જરૂરત પૂરી કરી. પછી ફરમાવ્યું કે જો કોઈ વ્યક્તિ કોઈ સ્ત્રીને જુએ અને એ એને સારી લાગે તો એણે પોતાની પત્ની પાસે આવી જવું જોઈએ, કારણ કે એની પાસે એ જ છે કે જે તેની પાસે છે." (મિશ્કાતુલ મસાબીહ - કિતાબુન્નિકાહ બાબુન નઝર ઈલલ મખ્તૂબહ - બ હવાલા અદ્દારિમી)

આ સાફ સ્પષ્ટ વાતથી એ વાત સ્પષ્ટ થાય છે કે નિકાહનો પ્રથમ હેતુ શારીરિક સુખ છે. અને પતિ-પત્નીના સંબંધો મીઠા અને મજબૂત રાખવા માટે પતિ-પત્ની વચ્ચે દરેક સમયે એનો અવસર અને તૈયારી હોવી જોઈએ. જો કોઈના તરફથી આ બાબતે અવરોધ નાખવામાં આવે અને બીજાની ઈચ્છાને મંજૂર રાખવામાં ન આવે તો પરસ્પરના સંબંધોમાં કડવાશ અને નારાજગી પેદા થવાની સંભાવનાઓ વધી જાય છે.

## નિકાહના બીજા હેતુઓ અને મધુર દાંપત્ય સંબંધો ઉપર એની અસરો

મનુષ્યનો જીવન-હેતુ પ્રાથમિકતાઓને નક્કી કરે છે. જો એનો જીવન-હેતુ માત્ર ખાવવું-પીવવું અને દુનિયાની લિજ્જતો માણવાનો હોય તો દેખીતી વાત છે કે દાંપત્ય જીવનના સંબંધોનો હેતુ પણ માત્ર જાતીય સુખ માણવાનો બની રહેશે. ઈસ્લામી શરીઅતે એનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે. પરંતુ ઈસ્લામી શરીઅતમાં નિકાહનો હેતુ માત્ર જાતીય સુખ પ્રાપ્તિ નથી, બલ્કે એ એને જન્મ તથા વંશવૃદ્ધિ અને સમાજની લોકશક્તિમાં વધારો થવાનો માધ્યમ પણ ઠેરવે છે. આ જ કારણ છે કે ઈસ્લામી શરીઅતે નિકાહનો એક હેતુ બાળકો પેદા કરવાનો પણ બતાવ્યો છે અને આ બાબતે ખાસ્સો ભાર પણ આપવામાં આવ્યો છે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

فَالْـٰٔنَ بَاشِرُوْهُنَّ وَابْتَغُوْا مَا كَتَبَ اللّٰهُ لَكُمْ ۝ (البقرة:۱۸۷)

"હવે તમે તમારી પત્નીઓ સાથે રાત્રી સુખ મેળવો, અને અલ્લાહતઆલાએ જે વસ્તુ (ઓલાદ)તમારા (મુકદ્દરમાં) લખી દીધી છે એને પ્રાપ્ત કરો." (સૂરઃ અલ બકરહ - ૧૮૭)

કુર્આનમાં વિભિન્ન પૈગમ્બરોના હવાલાથી તેઓની સંતાન-ઇચ્છાનું વર્ણન કરવામાં આવેલ છે. જ્યારે તેઓની વૃદ્ધાવસ્થા સુધી સંતાન પ્રાપ્તિની ઇચ્છા પૂરી ન થઈ તો તેઓએ અલ્લાહતઆલા સમક્ષ ખાસ દુઆઓ કરી. તેઓની દુઆઓ કબૂલ થઈ અને અલ્લાહતઆલાએ તેમની સંતાન પ્રાપ્તિની ઇચ્છા પૂર્ણ કરી. જો નિકાહનો અસલ હેતુ સંતાન પ્રાપ્તિ ન હોત તો પૈગમ્બરોએ એ માટે ખાસ દુઆઓ કરી ન હોત. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

وَ زَكَرِيَّآ اِذْ نَادٰى رَبَّهٗ رَبِّ لَا تَذَرْنِيْ فَرْدًا وَّ اَنْتَ خَيْرُ الْوٰرِثِيْنَ ۝ (الانبیاء:۸۹)

"અને ઝકરિયાને (યાદ કરો) કે જ્યારે તેણે પોતાના રબ (પરવરદિગાર)ને પોકાર્યો કે હે મારા પરવરદિગાર ! મને એકલો ન મૂક, અને બહેતર વારસદાર (પેદા કરનાર) તો તું જ છે." (સૂરઃ અલ-અંબિયા - ૮૯)

હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામને પણ વુદ્ધાવસ્થા સુધી સંતાન ન થયું તો તેઓએ અલ્લાહ સમક્ષ આ દુઆ ગુજારીઃ

رَبِّ هَبْ لِيْ مِنَ الصّٰلِحِيْنَ ۝ (الصّٰفّٰت:۱۰۰)

"હે મારા પરવરદિગાર ! મને એક પુત્ર આપ કે જે સદ્‌કર્મી હોય." (સૂરઃ અસ્-સાફ્ફાત : ૧૦૦)

પત્ની સાથે સમાગમના સમયે જે દુઆ પઢવાને સુન્નત કહેવામાં આવ્યું છે. એમાં પણ સંતાન પ્રાપ્તિનો ઈશારો મોજૂદ છે. નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છેઃ

امّا لو ان احدهم يقول حين ياتی اهله بسم اللّٰه اللّٰهم جنبنی
الشيطان و جنب الشيطان ما رزقتنا ثم قدر بينهما فی
ذلک او قضی ولد لم يضره شيطان ابدا. (بخاری:۵۱۶۵-۱۴۱)

"જો કોઈ પુરૂષ પોતાની પત્ની સાથે સમાગમ કરતી વખતે આ દુઆ પઢે: "શરૂ અલ્લાહના નામથી (બિસ્મિલ્લાહ). હે અલ્લાહતઆલા અમોને શૈતાનથી બચાવ. અને અમારા આ બાળકને કે જે તું (અમારા આ સમાગમના પરિણામ રૂપે) આપનાર છે, એને પણ શૈતાનથી બચાવ.". આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ફરમાવે છે કે જો આ સમાગમથી ગર્ભ રહી જાય અને બાળક જન્મે તો શૈતાન એને પણ કયારેય નુકસાન પહોંચાડી શકશે નહીં." (બુખારી : ૧૪૧ - ૫૧૬૫)

એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે એક સહાબી રદિ.ને એવી સ્ત્રી સાથે લગ્ન કરવાની મનાઈ ફરમાવી કે જેનાથી બાળક જન્મ લેતા ન હતા. અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે એવી સ્ત્રી સાથે નિકાહ કરો કે જે પતિ સાથે પ્રેમ રાખનારી અને ઘણાં બાળકોને જન્મ આપનારી હોય. રિવાયત છે :

عن معقل بن يسار قال جاء رجل الی النبیؐ فقال انی اصبت
امرأة ذات جمال و حسب انها لا تلد افاتزوجها قال لا
ثم اتاه الثانية فنهاه ثم اتاه الثالثة فقال تزوجوا الودود
الولود فانی مکاثر بکم الامم. (ابوداؤد:۲۰۵۰)

"હઝરત મઅકલ બિન યસાર રદિ. રિવાયત કરે છે. ફરમાવે છે કે એક માણસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સેવામાં હાજર થયો, અને અરજ કરી કે મને એક સુંદર, સ્વરૂપવાન અને ખાનદાની સ્ત્રી તરફથી નિકાહનો પૈગામ મળ્યો છે. પરંતુ એની સ્થિતિ એવી છે કે તેનાથી બાળકો જન્મ નથી લેતા તો શું હું એની સાથે લગ્ન કરી લઉં?" આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે ના. પેલા માણસે ફરી વાર આવીને એ જ વાત કરી. આપ સલ્લલ્લાહુ અલૈહિ

વસલ્લમે ફરી એને મનાઈ ફરમાવી. ત્રીજી વખત એ માણસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સેવામાં આવીને ફરી અરજ કરી. તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે તમે પ્રેમ કરનારી અને ઘણાં બાળકોને જન્મ આપનારી સાથે લગ્ન કરો. કારણ કે હું તમારી વધુ સંખ્યાના લીધે (કયામતમાં) બીજી ઉમ્મતો પર ગર્વ જાહેર કરીશ.” (અબૂ દાઊદ - ૨૦૫૦)

કુર્આન અને હદીસમાં ગર્ભ, ધાય-ધર્મ (બીજાના બાળકને દૂધ ધાવવું) અને વારસા માટેના જેટલા પણ હુકમો છે, એમનો સંબંધ ભવિષ્યમાં જન્મનાર બાળકો સાથે છે. જો લગ્નના હેતુને માત્ર શારીરિક સુખ મેળવવા સુધી જ સીમિત રાખવામાં આવશે તો આ હુકમોનો કોઈ અર્થ રહેતો નથી. બીજી વાત એ કે બાળક પતિ-પત્ની વચ્ચે પ્રેમ અને મૈત્રીનું કારણ પણ બને છે ! કારણ કે બાળકના ઉછેરમાં બન્નેનો ભાગ હોય છે. તેથી તેની સાથે મનોભાવિક લાગણી હોય છે. આ વસ્તુ પતિ-પત્નીના સંબંધોને મજબૂત કરે છે. જેટલા વધારે બાળકો હશે પતિ-પત્નીના સંબંધો એટલા જ મજબૂત બનશે. એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છે :

خير نساء ركبن الابل صالح نساء قريش احناه على ولد
في صغره و ارعاه على زوج في ذات يده.

(بخاری:٣٤٣٤-٥٠٨٢)

“સારી સ્ત્રી ઊંટની સવારી કરનારી કુરૈશ (કબીલા)ની નેક સ્ત્રી હોય છે કે જે પોતાના નાના બાળકો ઉપર મહેરબાન અને પોતાના પતિના કામોની દેખરેખ રાખનારી હોય છે.” (બુખારી : ૩૪૩૪ - ૫૦૮૨)

નિકાહનો એક મહત્ત્વનો હેતુ સતિત્વ અને આબરૂનું રક્ષણ છે. અને એના માટે દાંપત્ય સંબંધમાં માધુર્ય - મિઠાશ જરૂરી છે. જો દંપતિના સંબંધો સારા ન રહે અને એમાં કડવાશ અને નફરત પેદા થઈ જાય તો ઇજ્જત - આબરૂનું રક્ષણ થઈ શકવાનું નથી. આ જ કારણસર ઇસ્લામી શરીઅતે જાતીય સુખ પર ખૂબ જ ભાર મૂક્યો છે. કારણ કે ઇજ્જત-આબરૂનું રક્ષણ કરવાનું આ એક માત્ર મૂળ માધ્યમ છે. શારીરિક ઇચ્છાઓને પૂરી કરવા માટે ઉચિત સાધનો હોવા જોઈએ. ઇસ્લામી શરીઅતમાં સંતાનનું પણ મહત્ત્વ છે. પરંતુ એના કરતાં ઇજ્જત-આબરૂનું મહત્ત્વ વધારે છે. કારણ કે મો’મિન (ઈમાનવાળાઓ)ના જીવનનો જે ઉચ્ચ ધ્યેય અને

એની જે નજાકતો છે, તેમનો જો આદર ન હોય તો તે પોતાના જીવનનો મૂળ હેતુ જ તે ખોઈ બેસશે. અને આ બહુ જ ભારે નુકસાન છે. આ જ કારણે શરીઅતમાં બહુપત્નિત્વની છૂટ આપવામાં આવી છે, જેથી કરી પરિસ્થિતિમાં મો'મિનની ઈજ્જત અને આબરૂ, સુરક્ષિત રહે અને આ જ હેતુસર ઇસ્લામી શરીઅતમાં વ્યભિચાર અને આરોપ મૂકવા ઉપર સખત સજા ફટકારવામાં આવી છે. ઇસ્લામી શરીઅત જયારે કોઈ મુસ્લિમને કોઈ પર સ્ત્રીને ખરાબ દૃષ્ટિથી આંખો ફાડીને જોવાની પણ મનાઈ કરે છે તો પછી જાતીય સુખ મેળવવા માટે ગેરમાર્ગે દોરાઈ જવાની પરવાનગી કઈ રીતે આપી શકે છે ! અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَ يَحْفَظُوْا فُرُوْجَهُمْ
ذٰلِكَ اَزْكٰى لَهُمْ اِنَّ اللّٰهَ خَبِيْرٌ بِمَا يَصْنَعُوْنَ ۝ وَ قُلْ
لِّلْمُؤْمِنٰتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَ يَحْفَظْنَ فُرُوْجَهُنَّ وَلَا
يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا مَا ظَهَرَ مِنْهَا (النور: ٣٠، ٣١)

"હે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ! મો'મિન (ઈમાનવાળા) પુરૂષોને કહો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની શર્મગાહ (ગુપ્તાંગ)નું રક્ષણ કરે. જે કંઈ તેઓ કરે છે અલ્લાહ તેની ખબર રાખે છે. અને હે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ! મો'મિન (ઈમાનવાળી) સ્ત્રીઓને કહો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાની શર્મગાહ (ગુપ્તાંગ)ની રક્ષા કરે અને પોતાનો બનાવ-શણગાર ન દેખાડે, સિવાય કે જે આપમેળે જાહેર થઈ જાય." (સૂરઃ નૂર - ૩૦, ૩૧)

શર્મગાહો (ગુપ્તાંગો)ની સુરક્ષાનો અર્થ આ થાય છે કે હરામ ઠેરવવામાં આવેલ સ્થાને જાતીય સુખની પ્રાપ્તિથી બચવું જોઈએ અને ઉપરોક્ત આયતમાં સ્ત્રી-પુરૂષ બન્નેને સંબોધન કરવામાં આવ્યું છે. અર્થાત્ આબરૂની સુરક્ષા બન્ને પાસેથી ઇચ્છનીય છે. તેથી બન્ને માટે અનિવાર્ય છે કે પોતાના દાંપત્ય સંબંધો નિખાલસ રાખે. હેતુ પ્રાપ્તિ આ જ પરિસ્થિતિમાં શકય છે. બીજી સ્થિતિમાં તેમની આબરૂના લીરેલીરા થઈ જશે.

વર્તમાન યુગમાં મનુષ્ય ઉપર ભૌતિકવાદનો ભૂત સવાર છે. આથી તેણે દરેક વસ્તુને એટલે સુધી કે નિકાહને પણ ધન-દૌલત પ્રાપ્ત કરવાનું સાધન-માધ્યમ બનાવી લીધું છે. જો કે એના હેતુઓ બીજા જ હતા. પરંતુ મનુષ્યની ભ્રષ્ટ બુદ્ધિએ

નિકાહને ધન-સંપત્તિ હાંસલ કરવાનું સાધન-માધ્યમ બનાવી લીધું છે. હવે ત્યાં જ સંબંધ-સગપણ પાકો થશે જયાંથી વધારેમાં વધારે સંપત્તિ પ્રાપ્ત થવાની આશા હોય અથવા ભાવિ પત્નીની આર્થિક સ્થિતિ સારી હોય કે જેથી ધન પ્રાપ્તિની લાલસાઓ પૂર્ણ થતી હોય. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે એક હદીસમાં આ બાબતે સજાગ કરતાં કહ્યું છે કે માત્ર ધન-દૌલત માટે તમે કોઈ સ્ત્રી સાથે નિકાહ ન કરો, પરંતુ દીનદારીના કારણે નિકાહ કરો. ઇર્શાદ છે :

تنکح المرأة لاربع لمالها و لحسبها و جمالها و لدینها

فاظفر بذات الدین تربت یداک. (بخاری:۵۰۹۰)

"સ્ત્રી સાથે નિકાહ ચાર વસ્તુઓ માટે કરવામાં આવે છે. તેના માલના કારણે, તેની ખાનદાનીની બુનિયાદ પર, તેની સુંદરતાના કારણે અને તેની દીનદારીના કારણે. તો તમે દીનવાળીને પ્રાથમિકતા આપો, તમારા હાથ મૃન્મય (માટીવાળા) થાય." (બુખારી : ૫૦૯૦)

ધનનું ગમે તેટલું મહત્ત્વ હોય પરંતુ આ વાત જાણી લેવી જોઈએ કે ધન માણસને બધી જ વસ્તુઓ આપી શકતું નથી. ખાસ કરીને પતિ-પત્ની વચ્ચે મૈત્રી અને પ્રેમભાવ ધનના કારણે પેદા થતું નથી. ઊલ્ટાનું એના કારણે દુઃશ્મનાવટ અને ઈર્ષ્યાની લાગણી પેદા થાય છે. આ જ કારણે ઉપરોક્ત વર્ણન કરેલ હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે દીનવાળી પત્નીને પ્રાથમિકતા આપવા કહ્યું છે. કુર્આનમાં અલ્લાહતઆલાએ નિકાહ કરવા માટે પ્રેરણા આપી છે. અને કહ્યું છે કે જો ગરીબાઈ આ બાબતમાં નડતર બનતી હોય તો એને નડતર બનવા દેવી જોઈએ નહીં. અલ્લાહની મહેરબાની હશે તો ગરીબાઈ પણ માલદારીમાં બદલાઈ જશે. ઇર્શાદ છે :

وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ وَ اِمَآئِكُمْ ؕ

اِنْ يَّكُوْنُوْا فُقَرَآءَ يُغْنِهِمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ○

(النور:۳۲)

"તમારામાંથી જે લોકો એકાકી હોય અને તમારી દાસીઓ અને ગુલામોમાંથી જે નેક હોય તેમના નિકાહ કરી દો. જો તેઓ ગરીબ હશે તો અલ્લાહ પોતાની મહેરબાનીથી તેમને ધનવાન બનાવી દેશે. અલ્લાહ ઘણો વિશાળતા ધરાવનાર

અને જ્ઞાની છે.” (સૂરઃ અન્ નૂર - ૩૨)

સહાબા રદિ.ના જીવન પરથી આપણને જણાય છે કે તેમનામાંથી કેટલાકે બહુ જ ગરીબાઈની હાલતમાં નિકાહ કર્યા હતા અને નિકાહ પછી અત્યંત ખુશ-ખુશાલ દાંપત્ય જીવન પસાર કર્યો. ગરીબાઈના કારણે પતિ-પત્નીના સંબંધોમાં કયારેય કડવાશ પેદા થઈ નથી. હઝરત અસ્મા બિન્તે અબૂ બક્ર રદિ. પોતાના પતિ હઝરત ઝુબૈર રદિ.ની આર્થિક સ્થિતિનું વર્ણન કરતાં કહે છે કે મારા લગ્ન ઝુબૈર સાથે એવી પરિસ્થિતિમાં થયા હતા કે એમની પાસે ન તો જમીન હતી, ન તો ધન હતું અને કોઈ ખિદમતગાર પણ ન હતા. એમની પાસે માત્ર એક ઊંટ અને એક ઘોડો હતો. હું ઘોડાના ઘાસ-ચારાની વ્યાવસ્થા કરતી, પાણી પીવડાવતી અને ડોલની મરામત કરતી હતી. હું લોટ બાંધવાનું કામ મારા હાથે કરતી હતી, પરંતુ મને સારી રીતે લોટ બાંધવાનું કામ પણ આવડતું ન હતું. મારૂં લોટ અન્સારની પાડોશણો બાંધી આપતી હતી. તેઓ મારી બહુ જ સારી બહેનપણીઓ હતી. હું ઝુબૈરના એ ખેતરમાંથી કે જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે તેમણે આપ્યું હતું પોતાના માથા પર ખજૂરની ગોઠલીઓ ઉપાડી લાવતી હતી. આ ખેતર મદીનાથી બે માઈલ દૂર હતું. (બુખારી : ૩૧૫૧ - ૫૨૨૪)

એક બીજી રિવાયતમાં હઝરત સહલ બિન સઅદ રદિ.થી કહેવામાં આવ્યું છે કે કે અમે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પાસે બેઠાં હતાં એ જ સમયે એક સ્ત્રી આવી અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સેવામાં પોતાને ‘હિબા’-દાન, (પોતાની જાતને અર્પણ કરવા લાગી). આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે તેને પગથી માથા સુધી નિહાળી, પરંતુ કોઈ જવાબ એને આપ્યો નહીં. એક સહાબી રદિ.એ અરજ ગુજારી કે હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ! જો આ સ્ત્રીની આપને કોઈ જરૂરત નથી તો મારા લગ્ન એની સાથે કરી દો. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું, “શું તમારી પાસે કોઈ વસ્તુ (સામાન) છે કે જે તમે મહેરમાં આપી શકો? તેમણે અરજ ગુજારી કે “નથી”. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે લોઢાની વીંટી પણ નથી ? તેમણે અરજ કરી કે એ પણ નથી. પરંતુ મારી આ ચાદર છે. એના બે ટુકડા કરી અર્ધી એને આપી દઈશ, અને અર્ધી હું રાખી લઈશ. આપે ફરમાવ્યું આવું ન કરો. શું તમને થોડુંક કુર્આન યાદ છે ? તેમણે અરજ કરી કે હા યાદ છે. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે જેટલી સૂરતો યાદ છે એ એને શીખવાડી દો. આ જ

તમારા તરફથી એનું મહેર હશે." (બુખારી : ૨૩૧૦ - ૫૧૩૨)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સુપુત્રી હઝરત ફાતિમા રદિ. અને તેમના પતિ હઝરત અલી રદિ.ની આર્થિક સ્થિતિ સારી ન હતી. પરંતુ કોણ કહી શકે છે કે તેમનું દાંપત્ય જીવનમાં કયારેય કડવાશ પેદા થઈ હોય. એક લાંબી રિવાયતમાં હઝરત અલી રદિ. કહે છે કે એક વખત હઝરત ફાતિમા રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સેવામાં એ ફરિયાદ કરવા ગયા કે ઘંટી ચલાવવાના કારણે એમના હાથમાં તકલીફ થઈ ગઈ છે. અને એમને ખબર મળી છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પાસે ગુલામ આવ્યા છે. પરંતુ તેમની આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ સાથે મુલાકાત ન થઈ. તેમણે હઝરત આયશા રદિ.ને આ વાત કહી સંભળાવી. જ્યારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તશરીફ લાવ્યા તો હઝરત આયશા રદિ.એ આપને પૂરી વાત કહી. હઝરત અલી રદિ. ફરમાવે છે કે અમે રાત્રે સૂઈ જવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અમારા ઘરે તશરીફ લાવ્યા. આપને જોઈ અમે બિછાણામાંથી ઊઠવા લાગ્યા. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે એવી રીતે જ પડયા રહો. પછી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ મારી અને (હઝરત) ફાતિમા રદિ.ની વચ્ચે એવી રીતે બેઠાં કે આપના ચરણોની ઠંડક મારા શરીરમાં મહસૂસ થઈ રહી હતી. પછી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે શું હું તમને એ વાતનું માર્ગદર્શન ન આપું કે જે એ વસ્તુથી બહેતર છે કે જેનો સવાલ લઈ તમે (હઝરત ફાતિમા રદિ.) મારી પાસે આવ્યા હતા. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે રાતે સૂતી વખતે ૩૩ વાર સુબ્હાનલ્લાહ, ૩૩ વાર અલહમ્દુલિલ્લાહ અને ૩૪ વાર અલ્લાહુ અકબર પઢયા કરો. આ તમારા માટે સેવક (ગુલામ) કરતાં વધારે સારૂં છે. (બુખારી : ૩૧૧૩ - ૫૩૬૧)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પવિત્ર પત્નીઓના જીવન ચરિત્રનું અધ્યયન કરતાં વિદિત થાય છે તેઓએ કેવી તંગ-કપરી સ્થિતિમાં પોતાનું જીવન પસાર કર્યું છે. બબ્બે મહિનાઓ સુધી ઘરમાં ચૂલો જલાવવામાં આવતો ન હતો. માત્ર ખજૂર અને પાણીથી દિવસો પસાર થતા હતાં. આવી પરિસ્થિતિમાં તેઓનું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પાસેથી ભરણ-પોષણની માગણી કરે તો એ તદ્દન માનવીય ઇચ્છા મુજબની માગણી હતી. તેઓ એ માગણી કરી

પણ ખરી. પરંતુ અલ્લાહતઆલાનો ફેસલો આ હતો કે તેમને અધિકાર આપવામાં આવ્યો કે દુન્યવી વૈભવ અને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમમાંથી કોઈ એકને પસંદ કરી લે. નબીનું કાર્ય ધન-દૌલત એકઠું કરવાનું નથી. એમનું આગમન લોકો સુધી અલ્લાહતઆલાનો પૈગામ પહોંચાડવા માટેનું છે. જો ધનની ઈચ્છા હોય તો નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો સાથ છૂટી જશે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

يَٰٓأَيُّهَا النَّبِىُّ قُلْ لِأَزْوَاجِكَ إِنْ كُنْتُنَّ تُرِدْنَ الْحَيٰوةَ الدُّنْيَا وَ
زِيْنَتَهَا فَتَعَالَيْنَ أُمَتِّعْكُنَّ وَ أُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيْلًا ۝ وَ إِنْ
كُنْتُنَّ تُرِدْنَ اللّٰهَ وَ رَسُوْلَهُ وَالدَّارَ الْأٰخِرَةَ فَإِنَّ اللّٰهَ أَعَدَّ
لِلْمُحْسِنٰتِ مِنْكُنَّ أَجْرًا عَظِيْمًا ۝ (الاحزاب: ٢٨، ٢٩)

"હે નબી ! પોતાની પત્નીઓને કહો કે જો તમે દુનિયા અને તેની શોભા ઈચ્છતા હોવ તો આવો તમને કંઈક આપીને ભલી રીતે રુખસદ કરી દઉં. અને જો તમે અલ્લાહ અને તેના રસૂલ તેમજ આખિરતના ઘરની તલબગાર હોવ તો જાણી લો કે તમારામાંથી જે નેક છે અલ્લાહે તેમના માટે બહુ મોટો બદલો રાખ્યો છે." (સૂર: અલ - અહ્ઝાબ - ૨૮, ૨૯)

ઉપરોક્ત આયતને "આયતે તખયીર" કહેવામાં આવે છે. સર્વાનુમતે બધી જ પવિત્ર પત્નીઓએ દુન્યવી માલ સામાનની સરખામણીમાં આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને પ્રાથમિકતા આપી. અને પછીથી કયારેય તેઓએ ભરણ-પોષણની માગણી કરી નહીં અને માલની તંગી હોવા છતાં તેઓના દાંપત્ય સંબંધો મધૂર રહ્યા.

(ઉપરોક્ત આયત બાબતે તફસીર ઈબ્ને કસીરમાં જુઓ - "મુસ્લિમ" અને "અહમદ" ના હવાલા સાથે.)

આ તમામ વિવરણો પછી આ વાત વિદિત થાય છે કે દાંપત્ય સંબંધોની મધૂરતા માટે ભૌતિક સુખ અને ધન વધારે હોવું એ જરૂરી નથી. આ વિના પણ દાપત્ય સંબંધો મધૂર બની શકે છે. શરત એટલી જ કે દીનની સમજ અને એના પર અમલની લાગણી મોજૂદ હોવી જોઈએ.

## રોચક દાંપત્ય જીવન માટે પરસ્પરના હક્કોનો આદર

પતિ-પત્નીના સંબંધોમાં સામાન્ય રીતે કડવાશ અને નફરત એ સમયે પેદા થાય છે કે જ્યારે પરસ્પરના હક્કોનો અનાદર કરવામાં આવે છે. કુર્આન અને હદીસમાં બન્નેના ઘણાં બધા હક્કોનું વર્ણન કરવામાં આવ્યું છે. જો એ હક્કોને આદર ભાવનાથી જોવામાં આવે અને અમલમાં મૂકવામાં આવે તો સામાન્ય પરિસ્થિતિમાં સંબંધો રોચક, મીઠા બની રહે છે. આનાથી ઊલટું કરવાથી સંબંધો બગડી જાય છે. પછી કડવાશ સુધી વાત પહોંચે છે. અને આવી કડવાશના કારણે મૈત્રી ભાવ અને દયાનો માહોલ કાયમ રહેતો નથી. મૈત્રી ભાવ અને દયાની ભાવના દાંપત્ય જીવનમાં અત્યંત જરૂરી છે. કુર્આન અને હદીસના અધ્યયનથી પત્નીના નીચે જણાવ્યા મુજબના હક્કો વિદિત થાય છે :

૧. એને અત્યાચારનું નિશાન બનાવવામાં ન આવે. એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઇર્શાદ છે :

لا يجلد احدكم امرأته جلد العبد ثم يجامعها فى آخر اليوم.

(بخاری: ۳۳۷۷-۵۲۰۴)

"તમારામાંથી કોઈ વ્યક્તિ પોતાની પત્નીને ગુલામની જેમ ન મારે, અને પછી દિવસના છેલ્લા પોરમાં એ જ પત્ની સાથે સંભોગ કરે." (બુખારી : ૩૩૭૭ - ૫૨૦૪)

૨. એનું મહેર અદા કરવામાં આવે. મહેર પત્નીનું હક્ક છે. મહેરને સંભોગ પહેલાં અદા કરવું જોઈએ. અલ્લાહતઆલાનો ઇર્શાદ છે :

وَ اٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً (النساء:۴)

"અને સ્ત્રીઓનું મહેર પ્રસન્ન ચિત્તથી અદા કરો." (સૂરઃ અન્ નિસા : ૪)

૩. એનું ભરણ-પોષણ અદા કરો. પત્નીનું ભરણ-પોષણ એ પતિની જવાબદારી છે, એ પોતાની હેસિયત પ્રમાણે પત્નીનું ભરણ-પોષણ અદા કરશે. અલ્લાહતઆલાનો ઇર્શાદ છે :

وَ عَلَى الْمَوْلُوْدِ لَهٗ رِزْقُهُنَّ وَ كِسْوَتُهُنَّ بِالْمَعْرُوْفِ

(البقرہ:۲۳۳)

"અને પિતા પર ભલી-સારી રીતે એ માતાઓનું ભોજન અને કપડાં આપવા વાજિબ છે." (સૂરઃ અલ બકરહ : ૨૩૩)

૪. એને ઘરમાં કેદ કરીને રાખવી ન જોઈએ, બલ્કે હરવા-ફરવા આવ-જા કરવાની અને કાર્ય કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છે :

قد اذن الله لكن ان تخرجن لحوائجكن.

(بخاری کتاب النکاح باب خروج النساء لحوائجہن)

"અલ્લાહે તમને પરવાનગી આપી છે કે તમે પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે ઘરોમાંથી નીકળી શકો છો." (બુખારી, કિતાબુન્નિકાહ, પ્રકરણ, ખુરૂજુન્નિસા, લિ હવાઈજહન)

૫. એને મિલકતનો હક્ક આપવામાં આવે. અલ્લાહનો ઈર્શાદ છે :

لِلرِّجَالِ نَصِيبٌ مِّمَّا اكْتَسَبُوا ۖ وَلِلنِّسَاءِ نَصِيبٌ مِّمَّا اكْتَسَبْنَ ۚ

(النساء: ۳۲)

"અને જે પુરુષો કમાવે છે એ મુતાબિક તેનો હક્ક છે, અને જે સ્ત્રીઓ કમાવે છે એ મુતાબિક એમનો હક્ક છે" (સૂરઃ અન્ નિસા - ૩૨)

૬. તેને આબરૂદાર જીવન પસાર કરવાનો અવસર આપવો જોઈએ. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

وَالَّذِينَ يَرْمُونَ الْمُحْصَنَاتِ ثُمَّ لَمْ يَأْتُوا بِأَرْبَعَةِ شُهَدَاءَ فَاجْلِدُوهُمْ
ثَمَانِينَ جَلْدَةً

(النور: ۴)

"અને એ લોકો કે જેઓ પાકદામન (પવિત્ર) સ્ત્રીઓ પર આરોપ મૂકે છે અને તે બાબત ચાર સાક્ષીઓ રજૂ ન કરી શકતા હોય તો તેમને એંસી (૮૦) કોરડા ફટકારો." (સૂરઃ અન્ નૂર-૪)

૭. તેને વારસામાં હિસ્સો આપવામાં આવે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

لِلرِّجَالِ نَصِيبٌ مِّمَّا تَرَكَ الْوَالِدَانِ وَالْأَقْرَبُونَ وَلِلنِّسَاءِ نَصِيبٌ مِّمَّا تَرَكَ الْوَالِدَانِ وَالْأَقْرَبُونَ مِمَّا قَلَّ مِنْهُ أَوْ كَثُرَ نَصِيبًا مَّفْرُوضًا ○ (النساء:٧)

"માતા-પિતાએ અને સગા-સંબંધીઓએ જે કંઈ વારસામાં છોડી મૂકયું છે તેમાં પુરુષોનો પણ હક્ક છે અને સ્ત્રીઓનો પણ હક્ક છે. પછી એ ઓછું હોય કે વધારે, હિસ્સો નિશ્ચિત છે." (સૂરઃ અન્ નિસા - ૭)

૮. એને અભિપ્રાય વ્યક્ત કરવાની સ્વતંત્રતા આપવી જોઈએ. અલ્લાહનો ઈર્શાદ છે :

وَالْمُؤْمِنُونَ وَالْمُؤْمِنَاتُ بَعْضُهُمْ أَوْلِيَاءُ بَعْضٍ يَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ (التوبة:٧١)

"મો'મિન પુરુષો અને મો'મિન સ્ત્રીઓ એક બીજાના ઉત્તરાધિકારી, દેખરેખ રાખનાર અને સરપરસ્ત છે. જેઓ નેકીનો હુકમ આપે છે અને બૂરાઈથી રોકે છે." (સૂરઃ અત્ તૌબા : ૭૧)

ઉપરોક્ત હક્કો પત્નીના કાનૂની હક્કો છે કે જે અદાલત દ્વારા પણ તે પ્રાપ્ત કરી શકે છે. તેના પર કેટલીક ફરજો પણ છે. એ ફરજો અદા કરવાથી જ દાંપત્ય જીવનના સંબંધોમાં સમતુલા જળવાશે. એક તરફી હક્કોની તરફદારીથી સમતુલાનું પરિણામ આવશે નહીં. બન્ને તરફથી હક્કો અદા કરવાની જવાબદારી અનિવાર્ય છે.

પતિના હક્કો નીચે પ્રમાણે છે :

૧. પત્ની દાંપત્ય જીવનમાં પોતાની રીત-ભાત, વર્તણૂક સારી રાખે. એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છે :

ما استفاد المومن بعد تقوى الله خيرا له من زوجة صالحة ان امرها اطاعته و ان نظر اليها سرّته و ان اقسم عليها ابرته و ان غاب عنها نصحته في نفسها و ماله.

(ابن ماجة:١٨٥٧)

"મો'મિન પુરૂષ માટે પરહેઝગારી (તકવા) પછી સદાચારી સ્ત્રીથી ઉપરવટ કોઈ વસ્તુ નફો આપનારી નથી, કે પતિ જે કહે એને માની લે. પતિ એની તરફ જુએ તો એ સ્મિત કરે અને પતિ એને કસમ આપીને કંઈ કહે તો એ કસમ પૂરી કરે અને પતિ ઘરમાં ન હોય તો પોતાની અને તેના માલની સંપૂર્ણ રક્ષા કરે." (ઇબ્ને માજહ - ૧૮૫૭)

૨. એ પતિની આજ્ઞાનું પાલન કરે. એક હદીસમાં ઈર્શાદ છે.

لو كنت آمر احدا ان يسجد لاحد لامرت المرأة ان تسجد لزوجها. (ابوداؤد: ٢١٤، ابن ماجه: ١٨٥٣، بخاري: ٢١٤٠)

"જો મેં કોઈને કોઈ જાનદાર માટે સજદો કરવાની પરવાનગી આપી હોત તો સ્ત્રીને તેના પિતને સજદો કરવાની પરવાનગી જરૂરથી આપી હોત." (અબૂ દાઊદ - ૨૧૪, ઈબ્ને માજહ - ૧૮૫૩, બુખારી - ૨૧૪૦)"

૩. તે પતિની અમાનત (ધરોહર) ની રક્ષા કરે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

فَالصّٰلِحٰتُ قٰنِتٰتٌ حٰفِظٰتٌ لِّلْغَيْبِ بِمَا حَفِظَ اللّٰهُ ۚ (النساء: ٣٤)

"તો જે સદાચારી સ્ત્રીઓ છે, તેઓ આજ્ઞાંકિત હોય છે. અને પુરૂષોની ગેરહાજરીમાં અલ્લાહના રક્ષણ હેઠળ તેઓના (પુરૂષોના) હક્કોનું રક્ષણ અને દેખરેખ રાખે છે." (સૂરઃ અન્ નિસા - ૩૪)

એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છે :

والمرأة راعية على بيت زوجها و ولده و هي مسئولة عنهم. (بخاری: کتاب الاحکام، باب: ١)

"સ્ત્રી પોતાના પતિના ઘર અને એના બચ્ચાંની દેખરેખ રાખનારી છે. અને તે આ બાબતે જવાબદાર છે." (બુખારી - કિતાબુલ અહકામ - બાબ - ૧)

એક બીજી રિવાયતમાં ઈર્શાદ છે કે સ્ત્રી પોતાના પતિની પરવાનગી વગર કોઈને ઘરમાં ન બેસાડે.

ولا تاذن في بيته الا باذنه. (بخاری: ۵۱۹۵-۲۰۶۶)

"અને પતિના ઘરમાં, પતિની પરવાનગી વગર કોઈને દાખલ થવાની પરવાનગી ન આપે." (બુખારી : ૨૦૬૬ - ૫૧૯૫)

૪. દાંપત્ય જીવનને ધીરજ સાથે પસાર કરે. સ્ત્રીની ટેવ છે કે જરાક જરાકસી વાતમાં એ વિફરે છે અને પોતાના પતિ વિરુદ્ધ ફરિયાદ કર્યા કરે છે. અને જો પતિ તરફથી તેના હક્કો અદા કરવામાં થોડીક કસર રહી જાય તો વાતને લંબાવે છે. હદીસમાં સ્ત્રીને આની મનાઈ ફરમાવવામાં આવી છે. ઈર્શાદ છે :

و رأیت اکثر اھلھا النساء قالوا لم یا رسول اللّٰہ قال
یکفرھن قیل یکفرن باللّٰہ قال یکفرن العشیر و یکفرن
الاحسان لو احسنت الی احداھن الدھر ثم رات منک
شیئاً قالت ما رأیت منک خیرا قط۔ (بخاری:۵۱۹۷)

"અને મેં જોયું કે ઘણી સ્ત્રીઓ જહન્નમી (નર્કવાસી) છે. સહાબાએ અરજ ગુજારી કે આવું શા માટે છે ! આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે તેમની નાફરમાનીના કારણે. અરજ કરવામાં આવી કે અલ્લાહની નાફરમાનીના કારણો ? આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે ના, પરંતુ પતિઓની અવજ્ઞાના કારણે અને તેમની નાશુક્રી (કૃતનિંદા)ના કારણે. જો તમે એક લાંબા સમય સુધી તેમની સાથે ભલાઈ કરો ને પછી તમારાથી કોઈ કસર રહી જાય તો તરત કહેશે કે મેં તમારી પાસે કદી ભલાઈ જોઈ નથી." (બુખારી : ૫૧૯૭)

## દાંપત્ય જીવનના મીઠા સંબંધો માટે એકબીજાની કમજોરીઓને નજર-અંદાજ કરવી જોઈએ

પતિ-પત્ની એકબીજાના હક્કો ગમે તેટલી જવાબદારીથી અદા કરી રહ્યા હોય પરંતુ તેમનાથી એકબીજાના સંબંધમાં કેટલીક ભૂલો થવાની સંભાવના એ એક કુદરતી વાત છે જેનાથી તેમને ફરિયાદ કરવાનો મોકો મળી જાય. ખાસ કરીને પત્ની તરફથી આમ બનવું શક્ય છે. કારણ કે સ્ત્રીના સર્જનમાં આવેશાત્મક મનોભાવ રખાયેલ છે. આ કારણસર તે ભૂલો કર્યા કરે છે. આ જ કારણે કુર્આન અને હદીસમાં ખાસ કરીને સ્ત્રીઓની ભૂલોને નજર-અંદાજ કરવાનું કહેવામાં

આવ્યું છે. કારણ કે નજર-અંદાજ કર્યા વિના દાંપત્ય સંબંધો જળવાશે નહીં. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

وَعَاشِرُوهُنَّ بِالْمَعْرُوفِ ۚ فَإِن كَرِهْتُمُوهُنَّ فَعَسَىٰ أَن تَكْرَهُوا
شَيْئًا وَيَجْعَلَ اللَّهُ فِيهِ خَيْرًا كَثِيرًا (النساء:۱۹)

"તેમની સાથે ભલમંસાઈથી જીવન પસાર કરો, જો તમને તેઓ પસંદ નથી (અથવા તેમની કોઈ આદત પસંદ નથી) તો શક્ય છે કે એક વસ્તુ તમને પસંદ ન હોય પરંતુ અલ્લાહે તેમાં ઘણી બધી ભલાઈ રાખેલ હોય." (સૂરઃ અન્ નિસા : ૧૯)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે સ્ત્રીની સર્જનાત્મક કમજોરીઓની એક ઉદાહરણ દ્વારા સમજ આપી છે, કે સ્ત્રી પાંસળીથી પેદા કરવામાં આવેલ છે. અને પાંસળી વાંકી હોય છે. જો તમે એને સંપૂર્ણ સીધી કરવા ઇચ્છશો તો એ તૂટી જશે. પરંતુ જો એને તેની હાલત ઉપર છોડી દો તો એ બાકી રહેશે. આ જ હાલ સ્ત્રીનો છે. તેની અંદર થોડુંક વાંકાપણું દરેક હાલમાં મૌજૂદ રહેશે. સંપૂર્ણ સીધી કરવાનો મતલબ છે તલાક, હદીસના શબ્દો આ પ્રમાણે છેઃ

استوصوا بالنساء خيرا فانهن خلقن من ضلع و ان اعوج
شيء في الضلع اعلاه فان ذهبت تقيمه كسرتهٗ و ان
تركته لم يزل اعوج فاستوصوا بالنساء خيرا۔

(بخاری:۵۱۸۶-۳۳۳۱)

"સ્ત્રીઓ સાથે સારૂં વર્તન કરો કારણ કે એ પાંસળીથી પેદા કરેલ છે. અને પાંસળીનો ઉપરનો ભાગ વધારે પડતો વાંકો હોય છે. જો તમે એને સીધી કરવા જશો તો તોડી નાખશો. જો એને છોડી દો તો વાંકાપણું બાકી રહેશે. તેથી સ્ત્રીઓ સાથે સદ્વર્તન કરો." (બુખારી : ૩૩૩૧ - ૫૧૮૬)

સ્ત્રીમાં જે કમજોરીઓ હોય છે એમાંથી એક કમજોરી એ પણ છે જેનો ઉલ્લેખ આ પહેલાં એક હદીસના હવાલાથી થઈ ચૂકેલ છે, કે એની સાથે ગમે તેટલું સદ્વર્તન કરો પણ સંજોગવશાત્ એના હક્કો અદા કરવામાં કોઈ કચાશ રહી જશે તો એ તરત જ ફરિયાદ કરવા લાગશે. અને પતિના બધા જ ઉપકારો અને ભલાઈઓનું તરત જ ઇન્કાર કરી બેસશે. આથી દેખીતું છે કે આવી પરિસ્થિતિમાં પુરુષ તરફથી

પ્રતિક્રિયા થવાની પૂરેપૂરી સંભાવના રહેલ છે. આથી જ પરિસ્થિતિના સમયે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની ઉપરોક્ત હદીસમાં એ વાતોને નજર અંદાજ કરવાનું કહેવામાં આવ્યું છે.

કમજોરીઓ માત્ર ઇસ્ત્રીઓ તરફથી પ્રકટ નથી થતી. પુરૂષો તરફથી પણ શક્ય છે. અને એના તરફથી એવી કમજોરી પ્રકટ થાય કે જેને બહુ સહેલાઈથી નજર-અંદાજ ન કરી શકાય. સામાન્ય રીતે પુરૂષો તરફથી સ્ત્રીઓના આચાર અને ચરિત્ર વિશે શંકાઓ પ્રકટ થતી હોય છે. અને આ એક એવી વાત છે કે જે દાંપત્ય સંબંધોની મધૂરતા ઉપર પાણી ફેરવી દે છે. આથી આ બાબતે દંપતિને હંમેશાં સજાગ રહેવું જોઈએ. અને કોઈ પણ પ્રકારની શંકા પેદા કરવાનો મોકો આપવો જોઈએ નહીં. પુરૂષે કોઈ મજબૂત સાબિતી વગર પોતાની પત્નીના ચારિત્ર્ય ઉપર શંકા ન કરવી જોઈએ. એક રિવાયતમાં ઈર્શાદ છે :

عن ابی هريرة ان رجلا اتی النبیؐ فقال يا رسول اللّٰہ ولد
لی غلام اسود فقال هل لک من ابل قال نعم قال ما
الوانها قال حمر قال هل فيها اورق قال نعم قال فانی فی
ذلک قال لعل نزعه عرق قال فلعل ابنک هذا نزعه۔

(بخاری: ۵۳۰۵-۶۸۴۷-۷۳۱۴)

“હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે. ફરમાવે છે કે એક માણસ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સેવામાં હાજર થયો. અને અરજ કરી કે મારે એક કાળો મેશ પુત્ર જન્મ્યો છે. (તેથી એ મારો પુત્ર નથી). આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે શું તમારી પાસે ઊંટો છે. તેમણે અરજ કરી કે હા છે. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે તેમના રંગ કેવા છે ? તેણે કહ્યું કે લાલ. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે કોઈ ભૂર્યો પણ છે. તેણે કહ્યું કે હા છે. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું આવુ કેમ ? તેણે અરજ કરી કે શક્ય છે કે કોઈ સ્નાયુએ એને ભૂર્યો કરી દીધો હોય. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે શક્ય છે કે તમારા પુત્રને પણ (તમારા) કોઈ સ્નાયુએ કાળો કરી દીધો હોય.” (બુખારી : ૫૩૦૫, ૬૮૪૭, ૭૩૧૪)

આ બાબતે સ્ત્રીઓને પણ સજાગ રહેવાની જરૂર છે. તેઓ આવા મોકાથી પોતાને બચાવે કે જેથી આ શંકાઓ પેદા થવાની સંભાવના રહે છે. આવી વાતોના કારણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે પતિની આજ્ઞા વગર કોઈને ઘરમાં બેસાડવાની મનાઈ ફરમાવી છે.

એક રિવાયતમાં હઝરત આયશા રદિ.ના હવાલાથી વર્ણન કરવામાં આવ્યું છે કે એક વખત તેઓએ પોતાના એક દૂધ-સામેલ ભાઈને ઘરમાં બેસાડયો. તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે એ વાતને પસંદ ન કરી. નારાજગી પ્રકટ કરી. ઈર્શાદ છે :

عن عائشة ان النبيّ دخل عليها و عندها رجل فانه تغير
وجهه كانه كره ذلک فقالت انه اخي فقال انظرن من
اخوانكن فان الرضاعة من المجاعة. (بخاری:۵۱۰۲)

"હઝરત આયશા રદિ. ફરમાવે છે કે તેમની પાસે એક પુરુષ આવ્યો એ જ સમયે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તશરીફ લાવ્યા. આપનો ચહેરો બદલાઈ ગયો. હું સમજી ગઈ કે આપને આ પસંદ ન પડયું. મેં સ્પષ્ટ કર્યું કે આ મારો દૂ:ધ-સામેલ ભાઈ છે. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે તમે તમારા દૂ:ધ-સામેલ ભાઈઓને ન જુઓ. ધાયકર્મ (રઝાઅત) ભૂકથી સાબિત થાય છે." (બુખારી-૫૧૦૨)

કેટલીક પરિસ્થિતિઓમાં પર્દાની વ્યવસ્થા મુશ્કેલ બને છે. જે ઘરના સામાન્ય વ્યવહારમાં સ્ત્રી માટે દરેક વખત પર્દો કરવાનું શકય નથી. પતિ સિવાય તેના નજીકના સંબંધીઓ-સગાઓ ઘરમાં મોજૂદ રહે છે. તેઓની આવ-જાવ એક સામાન્ય બાબત છે. આવી પરિસ્થિતિમાં પણ શરીઅતે સચેત અને સજાગ રહેવાની તાકીદ કરી છે. એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છે :

اياكم والدخول على النساء فقال رجل من الانصار يا
رسول الله افرأيت الحمو قال الحمو الموت.

(بخاری:۵۲۳۲)

"સ્ત્રીઓ પાસે બેસવાથી બચો. એક અન્સારી મુસ્લિમે અરજ કરી કે હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ! દિયર વિશે શો હુકમ છે ? આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે દિયર તો મોત છે." (બુખારી : ૫૨૩૨)

પુરૂષોમાં એક કમજોરી કંજૂસાઈની હોઈ શકે છે. કેટલાક લોકો ગણી ગણીને પૈસા જમા કરે છે. અને ગણી ગણીને ખર્ચ પણ કરે છે. આવા લોકો પોતાના કુટુંબની જરૂરતનો પૂરો ખ્યાલ રાખી શકતા નથી. આના કારણે સ્ત્રીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આવી પરિસ્થિતિમાં સ્ત્રીને છૂટ છે કે તે ભલી રીતે હિકમતથી પોતાના પતિની રકમમાંથી જરૂરત મુજબ લઈ લે.

એ રિવાયતમાં (કથનમાં) હઝરત અબૂ સુફયાન રદિ.ના હવાલાથી કહેવામાં આવ્યું છે :

عن عائشة ان هند بنت عتبة قالت يا رسول اللّٰه ان ابا
سفيان رجل شحيح و ليس يعطينى ما يكفينى و ولدى الا ما
اخذت منه وهو لا يعلم فقال خذى ما يكفيك ولدك
بالمعروف. (بخاری: ۵۳۶۴-۵۳۵۹)

"હઝરત આયશા રદિ.નું કથન છે કે હિન્દા બિન્તે ઉત્બા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સેવામાં હાજર થઈ અને અરજ કરીકે મારા પતિ અબૂ સુફ્યાન કંજૂસ માણસ છે. એ અમને પૂરતું ખર્ચ આપતા નથી. શું એમને બતાવ્યા વગર હું એમના માલમાંથી લઈ લઉં ? આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે આદેશ આપતાં કહ્યું, જેટલું તમારા અને તમારા બચ્ચાં માટે પૂરતું હોય એટલું ભલી રીતે લઈ લો."(બુખારી : ૫૩૫૯ - ૫૩૬૪)

દંપતિમાં એક કમજોરી હઠાગ્રહ (જીદ)ની હોઈ શકે છે. જે વાત મોંમાંથી નીકળી એ પાકી. એની વિરૂદ્ધ કશું ન થાય. એ જ થશે જે મારી મરજી છે. આ વિચાર અને રીત-ભાત ઇસ્લામી જીવનના રીત-ભાતથી તદ્દન વિપરીત છે. આનાથી દંપતિએ બચવું જોઈએ. નહિંતર તેમના દાંપત્ય સંબંધો બગડી જશે. અને એમાં કડવાશ શક્ય બનશે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ વિશાળ હૃદયતા અને ઉચ્ચ ભાવના ને પસંદ કરતાં હતાં. અને આપ પોતાની પવિત્ર પત્નીઓનું હદ ઉપરાંત ખ્યાલ રાખતાં હતાં. તેમની પસંદગી અને

નાપસંદગીને ટાળવાનું પ્રયત્ન કરતા ન હતાં. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે આદેશ આપ્યો છે કે તમારામાંથી બહેતર એ છે કે જે પોતાના પરિવાર માટે બહેતર હોય અને હું મારા પરિવાર માટે બહેતર છું.”

عن ابن عباس عن النبيؐ قال خيركم خيركم لاهله و انا
خيركم لاهلي. (ابن ماجہ:۱۹۷۷)

હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.નું કથન છે. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે તમારામાંથી બહેતર એ છે કે જે પોતાના પરિવાર માટે બહેતર હોય.” (ઈબ્ને માજહ - ૧૯૭૭)

એક બીજી રિવાયત (કથન)માં હઝરત આયશા રદિ.ના હવાલાથી કહેવામાં આવ્યું છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તેમને તેમની સખીઓ સાથે રમવાની પણ પરવાનગી આપતા હતાં. (ઈબ્ને માજહ : ૧૯૮૨)

## દાંપત્ય સંબંધો અજમાયશ (પરીક્ષા)નું કારણ છે

અલ્લાહતઆલાએ મનુષ્યના સર્જનનો હેતુ તેની અજમાયશ (પરીક્ષા) રાખેલ છે. આ રીતે મો'મિન (ઈમાનવાળા)નું આખું જીવન એક અજમાયશ છે, કસોટી છે. એનું દાંપત્ય જીવન પણ એક કસોટી છે. દાંપત્ય જીવનમાં ઉતારચઢાવ આવતા રહે છે. એમાં અલગ અલગ રીતે કસોટી થયા કરે છે. પત્નીનું સુંદર ન હોવું અને કદરૂપ હોવું એ પણ કસોટી છે. એની ટેવો અને રીત-ભાત અને આદત પણ કસોટી બની શકે છે. આ કસોટીમાંથી પસાર થઈ સફળતા મેળવવી એ જ ઈમાનનો કમાલ છે. એક મો'મિન પોતાના દાંપત્ય સંબંધોને આ પૃષ્ઠભૂમિમાં લે છે અને કડવાશો પર ધીરજ રાખે છે અને દાંપત્ય જીવનને નિભાવે છે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّ مِنْ اَزْوَاجِكُمْ وَ اَوْلَادِكُمْ عَدُوًّا لَّكُمْ
فَاحْذَرُوْهُمْ ۚ وَ اِنْ تَعْفُوْا وَ تَصْفَحُوْا وَ تَغْفِرُوْا فَاِنَّ اللّٰهَ
غَفُوْرٌ رَّحِيْمٌ ○ (التغابن:۱۴)

"હે લોકો ! જેઓ ઈમાન લાવ્યા છો, તમારી પત્નીઓ અને તમારી ઓલાદ તમારા દુશ્મન છે. તો તેમનાથી બચતા રહો, અને જો તમે દરગુજર કરશો અને ક્ષમા આપશો તો અલ્લાહ ક્ષમા આપનાર અને મહેરબાન છે." (સૂરઃ અત્ તગાબુન - ૧૪)

દેખીતું છે કે બધા જ ઈમાનવાળાઓની પત્નીઓ એમની દુશ્મન નથી હોતી. પરંતુ એમને દુશ્મન કહેવાનો અર્થ એ છે કે જેવી રીતે દુશ્મનનો મુકાબલો કરવામાં ભય હોય છે, એમ પત્નીઓ સાથે સંબંધ જાળવવાનું કામ પણ ધીરજ માગી લે છે. મો'મિન આ બાબતમાં હંમેશ સજાગ રહે છે. એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છેઃ

ماتركت بعده فتنة اضر على الرجال من النساء۔

(بخاری:٥٠٩٦)

"મેં પુરુષો માટે સ્ત્રીઓથી વધારે કોઈ નુકસાન પહોંચાડનાર કસોટી છોડી નથી." (બુખારી : ૫૦૯૬)

પત્ની પતિ માટે કસોટી હોવા ઉપરાંત સારા બદલાનું કારણ પણ છે. જ્યારે માણસ દાંપત્ય સંબંધોને શરીઅતની હદમાં રહી અને શરીઅત મુજબ નિભાવે છે તો અલ્લાહતઆલા તેને સારા બદલાથી નવાજે છે. અને આ જ એ કસોટીમાં તેની સફળતા છે. એક હદીસમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો ઈર્શાદ છે.

اذا انفق المسلم نفقة على اهله و هو يحتسبها كانت له صدقة۔

(بخاری:٥٣٥١)

"મુસ્લિમ બંદો સવાબ (પુણ્ય)ની કલ્પના સાથે પોતાના પરિવાર પર ખર્ચ કરે છે તો એ એના માટે સદ્કો (દાન) હોય છે. (બુખારી : ૫૩૫૧)

કેટલીક હદીસોમાં પત્ની સાથે સમાગમ કે શારીરિક સંબંધને પણ સારા બદલાનું કારણ બતાવવામાં આવ્યું છે.

## પતિ-પત્નીના મીઠા સંબંધો શૈતાનને હંમેશ ખટકે છે

ઈન્સાનને ગુમરાહ કરવા, બહેકાવવા અને સીધા માર્ગથી તેને હઠાવવામાં શૈતાન મર્દૂદ જે ભાગ ભજવે છે એને સવિસ્તાર કુર્આન અને હદીસોમાં રજૂ કરવામાં આવેલ છે. શૈતાન માણસનો શરૂઆતથી જ દુશ્મન છે. દરેક સમયે એ એની પાછળ લાગ્યો રહે છે કે મોકો મળતાં માણસને સત્યમાર્ગથી દૂર કરી દે, અને અલ્લાહતઆલાની નજીક અલ્લાહના ગુસ્સા અને અઝાબને પાત્ર બનાવી દે. પતિ-પત્નીના મીઠા સંબંધો મો'મિન માટે ભલાઈ અને બરકત લાવે છે. તો પછી શૈતાનને આ વાત કેમ ગમે ? તેથી એ દાંપત્ય જીવનમાં વસવસો નાખે છે. કડવાશ પેદા કરે છે. સંબંધો તોડાવવાના ફિરાકમાં રહે છે. અને જ્યારે કયાંક એને સફળતા મળે છે તો તેમનો (શૈતાનોનો) સરદાર તો એ ઝઘડો અને નફરત પેદા કરનારા શૈતાનને પોતાની શૈતાની પુરષ્કાર આપે છે. એક રિવાયત (કથન)માં સવિસ્તાર આ રીતે લખવામાં આવ્યું છે :

ان ابلیس یضع عرشه علی الماء ثم یبعث سرایاه یفتنون
الناس فادناهم منه منزلة اعظمهم فتنة یجی احدهم
فیقول فعلت کذا و کذا فیقول ما صنعت شیئا قال ثم
یجی احدهم فیقول ما ترکته حتی فرقت بینه و بین امراته
قال فیدنیه منه و یقول نعم انت.

(مشکوۃ المصابیح باب فی الوسوسہ بحوالہ مسلم)

"ઈબ્લીસ (શૈતાન) પાણી ઉપર પોતાનો દરબાર ભરે છે અને પોતાના કાર્યકરોને માણસોને બહેકાવવા માટે મોકલે છે. એમાંથી એ શૈતાન નીચલો દરજ્જો પ્રાપ્ત કરે છે કે જેણે મોટા મોટા ફિસાદ-ફિત્ના પેદા કર્યા છે. એમાંથી એક હાજર થાય છે અને અરજ કરે છે કે મેં આ કામ કર્યું - તે કામ કર્યું (ફલાણા-ફલાણાને સન્માર્ગથી વિખૂટા પાડયા). ઈબ્લીસ (શૈતાન) કહે છે કે તેં કાંઈ નથી કર્યું. પછી બીજો આવે છે અને એ કહે છે કે મેં પતિ-પત્નીને ત્યાં સુધી ન છોડયા કે તેઓ વિખૂટા પડી ગયા. એકબીજાથી જુદા થઈ ગયા. ત્યારે ઈબ્લીસ કહે છે કે હા, તેં

કામ કર્યું છે. પછી એને પોતાને નજીકનો સાથી બનાવી લે છે." (મિશ્કાતુલ મસાબીહ, બાબ ફિલ વસ-વસા, બ-હવાલા મુસ્લિમ)

## દાંપત્ય જીવનના મધૂર સંબંધો માટે અલ્લાહ સમક્ષ દુઆ કરવી જોઈએ

મો'મિન દરેક બાબતમાં અલ્લાહતઆલાથી મદદ માગે છે. દાંપત્ય જીવનના મધૂર સંબંધો પણ એક એવી બાબત છે કે એના માટે દુઆ કરવી જોઈએ. અને મીઠા સંબંધોનું સામર્થ્ય-શક્તિ માગવી જોઈએ. જેમ લગ્નના સમયે વર-કન્યાને ભલાઈ અને બરકતની દુઆઓ આપવા મસ્નૂન તરીકો (સુન્નત તરીકો) બતાવવામાં આવ્યો છે તેમ દંપતિને પોતાના એકબીજા સાથેના સંબંધો મીઠા રહે એવી દુઆઓ માગવી જોઈએ. કુર્આનમાં મો'મિનની એક સિફત આ પણ વર્ણવવામાં આવી છે કે તેઓ તે બાબતે અલ્લાહ પાસે દુઆ માગે છે. અલ્લાહનો ઈર્શાદ છે :

وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَ ذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ
وَّاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا ۝ (الفرقان:۷۴)

"અને જેઓ દુઆઓ માગે છે કે હે અમારા પરવરદિગાર ! અમારી પત્નીઓ અને ઔલાદને અમારી આંખોની ઠંડક બનાવ અને અમને પરહેઝગારોના સરદાર અર્થાત્ મોટા પરહેઝગાર બનાવ." (સૂરઃ અલ ફુર્કાન - ૭૪)

---